RNI NO. 14974/57 • R.NO.GAMC-56/2024-2026 • Valid up to 31 Dec. 2026



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્


# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

(ગુજરાતી માસિક)

**VALAM BRAHMAN GNATI VARTMAN** (Gujarati Monthly)

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

અંક-૧ ★ વર્ષ-૭૬ ★ માસઃ પોષ-મહા ★ સંવત-૨૦૮૧ ★ તા. ૦૫-૦૧-૨૦૨૫
વાર્ષિક લવાજમ રૂ.૫૦ ★ છુટક નકલ રૂ. ૫=૦૦
તંત્રી : જયપ્રકાશ શુકલ



આદ્યસ્થાપક સંતશ્રી પુનિત મહારાજ

## કારોબારી બેઠકની લાક્ષણિક તસ્વીરો










-: પ્રમુખ :-
રશ્મીકાંત આચાર્ય
મો. ૯૭૨૬૪૭૫૮૮૪
-: ઉપપ્રમુખ :-
જયપ્રકાશ શુકલ
મો. ૯૮૨૪૪૭૯૯૪૪
-: મંત્રી :-
દિલીપભાઈ દીક્ષિત
મો. ૯૧૦૬૩૧૫૪૬૯
-: તંત્રી :-
કીર્તનભાઈ દીક્ષિત
મો. ૯૬૬૨૯૫૭૦૨૭
-: ખજાનચી :-
ભરત ભટ્ટ
મો. ૯૫૧૦૮૯૩૫૮૫
-: કાર્યાલય મંત્રી :-
જયેશભાઈ મહેતા
મો. ૯૯૯૮૮૦૪૮૩૮
-: સહતંત્રીઓ :-
મિતેશભાઈ અધ્વર્યુ
મો. ૯૧૫૭૦૮૭૭૨૧
કૌશલ પુરોહિત
મો. ૯૭૨૫૭૬૮૭૮૯
જયેશ પંડ્યા
મો. ૯૭૩૭૨૫૫૭૭૭
સુશીલભાઈ વ્યાસ
મો. ૯૯૭૯૭૫૮૭૦૨
-: કન્વીનર મંદિર કમિટી :-
મહેશભાઈ દીક્ષિત
મો. ૯૯૯૮૪૮૫૯૩૯
: કન્વીનર છાત્રાલય કમિટી :
ભદ્રેશભાઈ પુરોહિત
મો. ૯૮૭૯૨૫૯૦૫૫
: વ્યવસ્થાપક છાત્રાલય :
રાકેશભાઈ પુરોહિત
મો. ૯૪૨૬૦૪૨૧૧૦
:કન્વીનર શિક્ષણ કમિટી:
નિલેશભાઈ શુકલ
મો. ૯૮૭૦૦૭૬૫૬૬
:કન્વીનર વેબસાઈટ કમિટી:
અપૂર્વ પંડ્યા
મો. ૯૭૨૭૭૧૯૬૪૩
-: ટ્રસ્ટી મંડળ :-
કૌશિકભાઈ અધ્વર્યુ
મો. ૯૮૭૯૫૧૯૧૬૩
યોગેશભાઈ પાઠક
મો. ૯૪૨૮૧૨૫૫૬૩
દિલીપભાઈ જોષી
મો. ૯૯૦૯૯૬૨૦૨૬
શૈલેષભાઈ વ્યાસ
મો. ૭૬૦૦૨૧૩૭૭૦
ભાર્ગવભાઈ જોષી
૯૪૨૬૩૬૭૦૧૯

## તંત્રી સ્થાનેથી ...

જાન્યુઆરી ૨૦૨૫ના આ અંકમાં સર્વેને અંગ્રેજી નવ વર્ષની શુભકામના. જાન્યુઆરી મહિનામાં ૧૨ તારીખે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ આવે છે. યુવાશક્તિને સંગઠિત કરી ભારત વર્ષને મજબૂત બનાવવાની સ્વામીજીની નેમ ને યાદ કરી તેઓના વ્યક્તિત્વમાંથી આપણે સહુ પ્રેરિત થઈએ તથા જ્ઞાતિમાં પણ યુવા લક્ષી પ્રવૃત્તિઓનો વ્યાપ વધારીએ અને યુવાનોને જ્ઞાતિ મંડળોમાં રસ લેતા કરીએ.

ગત અંકમાં લગ્નસેતુ ગ્રુપ માટેની જાહેરાત થયેલ, તેવા જ વ્યવસાયલક્ષી પ્રવૃત્તિ માટે રાજકોટના ડૉ.દક્ષેશભાઈ પંડ્યા તથા સાથીઓ યુવાનોને રોજગાર માટેની તાલિમ તેમજ રોજગાર માટેની તકો અંગે કામ કરવા માટે કટિબદ્ધ થયા છે. તે અંગેની જાહેરાત પણ ટૂંક સમયમાં કરવામાં આવશે. આ માટે હ્યુમન રીસોર્સ મેનેજમેન્ટ અને ડેવલપમેન્ટ ક્ષેત્રે કાર્યરત યુવા મિત્રોને સહયોગી બનવા માટે ડૉ. દક્ષેશભાઈ પંડ્યા ને મો.નં. ૯૪૨૭૨૨૦૩૦૧ પર સંપર્ક કરવા વિનંતી છે.

યુવાનોને રોજગાર તેમજ સગપણ માટેના આ પ્રયત્નોથી જ્ઞાતિ વિકાસની પહેલ ખરા અર્થમાં આપણે સહુ કરી શકીશું. કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના પ્રથમ અંકને આપ સર્વેના હાથમાં મૂકતા આનંદ અનુભવીએ છીએ. ગત અંકમાં પટ્ટી જાહેરાત માટે કરેલ અપીલને સારો એવો પ્રતિસાદ પ્રાપ્ત થયેલ છે. હજુ પણ સર્વે કારોબારી સભ્યોને વાલમ વર્તમાનને વધુ ને વધુ વાંચન સમૃદ્ધ અને આર્થિક રીતે સમૃદ્ધ કરવા ભલામણ છે.

---

## તિથિદાન/જન્મદિવસ/લગ્ન તિથિની તિથિદાન બાબત

સૌ જ્ઞાતિજનોને જણાવવાનું કે આપે આપના સ્વજનની તિથિદાન કે જન્મ દિવસ/લગ્ન તિથિની તિથી કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી વલ્લભીપુરમાં આપેલ છે. તે દિવસે માતાજીને થાળ ધરાવાય તથા મંદિર બોર્ડ ઉપર લખી જાણ કરાય છે. હવે મંદિર કમિટી દ્વારા આપને આપના મોબાઈલમાં આ દિવસે મેસેજ મોકલવાનું નક્કી કરેલ છે, તો જે જ્ઞાતિજને તિથિદાન કર્યું હોય તેમના...

સ્વજનનું નામ : ..............................................................................

તિથિ/જન્મ દિવસ/લગ્ન તિથિ : ............................................................

વોટ્સએપનો નંબર : ....................................................................

મંદિર કમિટીના કન્વીનર શ્રી મહેશભાઈ દીક્ષિતને મો.નં. ૯૯૯૮૪૮૫૯૩૯ ઉપર મોકલી આપવા વિનંતી. જેથી આપને ભાવાંજલિ તથા જન્મદિવસ/લગ્નતિથિની શુભેચ્છા પાઠવતો મેસેજ મોકલી શકાય.

# SHREE VALAM BRAHMAN MAHAMANDAL

Trust Reg. No. : A/114

C/8, Prarthana Flats, Fatehnagar, Nr. Ankur School, Paldi, Ahmedabad-380007.

**SCHEDULE VIII [See Rule 17(1)]**

**Balance Sheet as on 31st March, 2024**

| FUNDS AND LIABILITIES | AMOUNT | | PROPERTY AND ASSETS | AMOUNT | |
|---|---|---|---|---|---|
| ***Trust Funds or Corpus*** | | | ***Immovable Properties*** | | |
| Balance as per last Balance-Sheet | 1,50,87,692 | | Balance as per last Balance-Sheet | 61,95,585 | |
| Adjustment during the year | 2,44,026 | 1,53,31,718 | Addition or Deduction | | 61,95,585 |
| | | | ***Investments*** | | 425 |
| ***Other Earmarked Funds*** | | | ***Furniture and Fixtures*** | | |
| Depreciation Fund | | | Balance as per last Balance-Sheet | 11,74,997 | |
| Sinking Fund | | | Addition or Deduction | - | 11,74,997 |
| Reserve Fund | | | | | |
| Any other Fund | | | | | |
| | | | ***Loans (Secured or Unsecured)*** | | |
| ***Loans (Secured or Unsecured)*** | | | Good / Doubtful | | |
| From Trustees | | | Loans Scholarships | | |
| From Others | | | Other loans AEC | | |
| | | | ***Advances*** | | 2,25,957 |
| ***Liabilities*** | | | To Trustees | | |
| For expenses | | | To employees | | |
| For advances | | | To Contractor | | |
| For rent and other deposits | | | To Interest Receivable | 79,523 | |
| For sundry credit balances | | | To TDS Receivable | 94,059 | |
| | | | To AEC Security Deposit | 12,375 | |
| ***Income and Expenditure Account*** | | | To Website Advance | 40,000 | |
| Balance as per last Balance-Sheet | -5,07,253 | | ***Income Outstanding*** | | |
| Less: Appropriation, if any | | | Rent | | |
| Surplus/(Deficit) as per I&E Acc. | 2,86,134 | -2,21,119 | Interest | | |
| | | | Other Income | | |
| | | | ***Cash and Bank Balances (Refer Note 6)*** | | |
| | | | (a) In Current or FD Account | 74,99,560 | |
| | | | (b) In FCRA or FD Account | | |
| | | | © With Trustee (Shri Bharatbhai Bhatt) | | |
| | | | (d) Cash on Hand | 14,075 | 75,13,635 |
| **TOTAL** | | **1,51,10,599** | **TOTAL** | | **1,51,10,599** |

Income outstanding in case accounts are maintained on cash basis : NIL        asis : NIL
The Significant Accounting Policies and Notes to Accounts No. 1 to 6 are an integral part of these Financial Statements.

The above balance sheet to the best of our belief contains a true account of the funds and liabilities and of the property and assets of the trust.
IN TERMS OF OUR REPORT OF EVEN DATE ATTACHED

**For, Saramal & Co.**
Chartered Accounts
ICAI Reg. No. : 109281W
-sd/-
**SAREMAL SHAH**
Partner
Membership No. : 031864
Place : Ahmedabad Dt : 24-09-2024

**For, Shree Valam Brahman Mahamandal**

Sd/-
**Trustee**

Sd/-
**Trustee**

# SHREE VALAM BRAHMAN MAHAMANDAL

Trust Reg. No. : A/114

C/8, Prarthana Flats, Fatehnagar, Nr. Ankur School, Paldi, Ahmedabad-380007.

**SCHEDULE 1**

**Financial Year 2023-24**

| Trust Capital | Balance as per Last Balance Sheet | Addition During the year | Deletion During the year | Balance as on 31-03-2024 |
|---|---|---|---|---|
| Education Fund | 727986 | | | 727986 |
| Education Trust | 201971 | | | 201971 |
| Foreign Postage Trust | 15250 | | | 15250 |
| General Seva Fund | 388896 | | | 388896 |
| General Trust | 377539 | | | 377539 |
| Hostel Fund | 213103 | | | 213103 |
| Kuldevi Diva Trust | 88836 | | | 88836 |
| Kuldevi Fund | 2925075 | 137000 | | 3062075 |
| Kuldevi Havan Trust | 197000 | | | 197000 |
| Kuldevi Temple Building Fund | 6093373 | | | 6093373 |
| Kuldevi Tithi Dan Trust | 1338662 | 41511 | | 1380173 |
| Life Time Member Fees Fund | 707511 | 14515 | | 722026 |
| Medical Help Trust | 211092 | | | 211092 |
| Prathana Flat Fund | 38257 | | | 38257 |
| Punit Smarak Nidhi Fund | 1369958 | | | 1369958 |
| Widow Fund | 31705 | 51000 | | 82705 |
| Women Help Trust | 161478 | | | 161478 |
| **Total** | **150876921** | **2440261** | **00** | **15331718** |

IN TERMS OF OUR REPORT OF EVEN DATE ATTACHED
**For, Saramal & Co.**
Chartered Accounts
ICAI Reg. No. : 109281W
-sd/-
**SAREMAL SHAH**
Partner
Membership No. : 031864
Place : Ahmedabad Dt : 24-09-2024

**For, Shree Valam Brahman Mahamandal**

Sd/-
**Trustee**

Sd/-
**Trustee**

# SHREE VALAM BRAHMAN MAHAMANDAL

Trust Reg. No. : A/114

C/8, Prarthana Flats, Fatehnagar, Nr. Ankur School, Paldi, Ahmedabad-380007.

**SCHEDULE IX [See Rule 17(1)]**

**Income and Expenditure Account for the year ending 31st March, 2024**

| EXPENDITURE | AMOUNT | | INCOME | AMOUNT | |
|---|---|---|---|---|---|
| ***To Expenditure in respect of properties*** | | | By Rent (accured / realised) | | |
| Rates, Taxes, Cesses | 21,163 | | | | |
| Repairs and Maintenance | 15,300 | | By Interest (accured / realised) :- | | |
| Insurance | | | On securities | - | |
| Depreciation | | | On loans | - | |
| Other Expenses | | 36,463 | On bank account | 4,62,016 | |
| ***To Establishment Expenses*** | | | On Income Tax Refund | | 4,62,016 |
| Accounting fees | 5,000 | | | | |
| Bank Charges | 579 | | By Dividend | | |
| Printing & Stationery | 1.78.640 | | | | |
| Salary & Bonus Expenses | | | By Donations in Cash or Kind | | |
| Electricity Expenses | 4,310 | 1,88,529 | (a) Domestic | 7,94,393 | |
| ***To Remuneration to Trustee*** | | 23,532 | (b) International | - | 7,94,393 |
| To Legal Expenses | 10,000 | | | | |
| To Audit Fees | | | By Income from other sources | | |
| To Contribution and Fees | 13.532 | | | | |
| ***To Amounts Written off :*** | | | Temple Income | | - |
| (a) Bad-debts | - | | | | |
| (b) Loan Scholarships | | | By Transfer from Reserve | | |
| (c) Irrecoverable Rents | - | | | | |
| (d) Fixed Deposit Balance | 62,930 | 62,930 | By Deficit carried over to Balance-sheet | | |
| ***To Miscellaneous Expenses*** | | 1,55,509 | By Excess of Income | | |
| To Depreciation | | - | | | |
| To Amounts Transferred to reserve or Specific Funds | | - | | | |
| ***To Expenditure on objects of the trust (Specify in any from FCRA)*** | | | | | |
| (a) Religious | 4,13,862 | | | | |
| (b) Educational | 89,450 | | | | |
| (c) Medical Relief | - | | | | |
| (d) Relief of Poverty | - | | | | |
| (e) Other Charitable Objects | - | 5,03,312 | | | |
| ***To Surplus Carried over to Balance Sheet*** | | 2,86,134 | | | |
| **TOTAL** | | **12,56,409** | **TOTAL** | | **12,56,409** |

IN TERMS OF OUR REPORT OF EVEN DATE ATTACHED

**For, Saramal & Co.**
Chartered Accounts
ICAI Reg. No. : 109281W
-sd/-
**SAREMAL SHAH**
Partner
Membership No. : 031864
Place : Ahmedabad Dt : 24-09-2024

**For, Shree Valam Brahman Mahamandal**

Sd/- **Trustee** Sd/- **Trustee**

## જ્ઞાતિ સેવક બંધુ ત્રિપુટી


### સ્વ. પુરૂષોત્તમ ભોગીલાલ મહેતા, વાંઠવાળી (વસો)




ઉદ્દામવાદી વિચારસરણી ધરાવતા પુરૂષોત્તમ મહેતાએ ઓગણીસમી સદીની શરૂઆતમાં વ્યવસાય અર્થે બ્રિટન, ફ્રાન્સ વગેરે દેશોનો પ્રવાસ ખેડ્યો હતો અને તે પણ વહાણમાં. વાલમ બ્રાહ્મણ જ્ઞાતિના પ્રથમ પરદેશ જનારા યુવાન પુરૂષોત્તમ મહેતાને રૂઢિવાદી વાલમોએ જ્ઞાતિ બહાર મૂક્યા હતા. છતાં પણ ક્રાંતિકારી યુવાન પાછો ન હઠ્યો. ૧૯૧૧માં વાલમ બ્રાહ્મણ જ્ઞાતિનું સૌથી પહેલું મંડળ - શ્રી ચરોતર વાલમ બ્રાહ્મણ વિદ્યોત્તેજક મંડળની સ્થાપના કરી જ્ઞાતિની પ્રગતિની કેડી કંડારી. ત્યાર પછી તેઓએ પૂર્વ આફ્રિકામાં ઉદ્યોગો શરૂ કરી કેટલાય વાલમ કુટુંબોને આફ્રિકા લઈ ગયા. અને તેમની આર્થિક સમૃદ્ધિના પથદર્શક બન્યા.

તેઓ ટૂંકી જીંદગીમાં ખૂબ કમાયા પણ પૈસાનો સંગ્રહ ના કર્યો. પોતાના જરૂરીયાતમંદ જ્ઞાતિબંધુઓ અને દેશબંધુઓને પોતાની કમાણીનો લાભ આપવાનું તેઓ ચૂક્યા ન હતા. આફ્રિકામાં કોઈ પણ ફંડ એવું ન હતું કે જેમાં તેઓએ સારી એવી રકમનું અનુદાન ના આપ્યું હોય. અવસાન પહેલાં એમણે કરેલ વીલ મુજબ વસો કન્યાશાળાનું મકાન બાંધવા વર્ષ ૧૯૨૮ના અરસામાં એ જમાનામાં ઘણી મોટી કહેવાય એવી દશ હજાર રૂપિયાની રકમ આપી હતી. તેઓ સાચા અર્થમાં વાલમ રત્ન હતા.

### સ્વ. ભાઈલાલભાઈ ભોગીલાલ મહેતા, વાંઠવાળી (વડોદરા)



મહામંડળના પ્રમુખ તરીકે સેવા આપનાર સ્વ. ભાઈલાલભાઈ જયેષ્ઠ ભ્રાતા પુરૂષોત્તમ મહેતાની સાથે આફ્રિકામાં સ્થાયી થયા અને ૧૯૨૮માં મોટાભાઈના અવસાન પછી ભાઈઓ સાથે આફ્રિકાના વ્યવસાયની બાગડોર સંભાળી. તેમણે પણ જ્ઞાતિના ઘણાબધાને આફ્રિકામાં લઈ જઈ પોતાને ઘેર રાખીને વ્યવસાયમાં સ્થિર કરવામાં પોતાનો ઉચિત ફાળો આપ્યો હતો. આફ્રિકામાં ત્રણેક દાયકા કપાસ-જીનેરી તથા અન્ય ઉદ્યોગોનું સફળ સંચાલન સંભાળીને તેઓ સ્વદેશ પરત આવ્યા અને વડોદરામાં સ્થાયી થયા. જ્ઞાતિ સેવાની ભાવના ધરાવતા ભાઈલાલભાઈ મહેતાની મહામંડળના પ્રમુખ તરીકેની ઉત્કૃષ્ઠ સેવાઓ નોંધનીય છે. તેમના ધર્મપત્ની સરલાબેને પણ મહામંડળ અને સેવામંડળમાં સક્રિય કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપેલ છે. તેમના સુપુત્ર શ્રી દિલીપભાઈએ પણ ૨૦૧૮માં નડિયાદ ખાતે ચરોતર યુવક મંડળ દ્વારા યોજાયેલ વર્કશોપમાં સહયોગ આપેલ. આમ, તેમનો પરિવાર એક યા બીજી રીતે મંડળ પ્રવૃત્તિના વિકાસ માટે મદદરૂપ થાય છે.



### સ્વ. નર્મદાશંકર ભોગીલાલ મહેતા, વાંઠવાળી (વડોદરા)

સ્વ. નર્મદાશંકર મહેતાએ શ્રી વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવામંડળના પ્રમુખ તથા વિદ્યોત્તેજક મંડળના કારોબારી સભ્ય તરીકે નોંધપાત્ર સેવાઓ આપી હતી. તેમના જમાઈ શ્રી જશવંતભાઈ વ્યાસ પણ સેવામંડળ અને મહામંડળના પ્રમુખ તરીકે ઉત્કૃષ્ઠ જ્ઞાતિસેવક હતા. નર્મદાશંકર મહેતાના સસરા રવિશંકર માણેકલાલ ગોર સેવામંડળના સ્થાપક પ્રમુખ હતા. આમ, તેમનું કુટુંબ જ્ઞાતિ વિકાસની પ્રવૃત્તિમાં અગ્રેસર હતું.

# જ્ઞાતિ સમાચાર

## વિદેશ ગમન

મૂળ મોટીવાવડી, હાલ ભરૂચ નિવાસી, હરેશકુમાર ભાનુપ્રસાદ વ્યાસના સુપુત્ર ચિ. તિર્થ એમબીબીએસનો અભ્યાસ પૂર્ણ કરીને યુએસએમએલની સ્ટેપ ૧ અને ૨ ની કઠીન પરીક્ષા પાસ કરીને ઉચ્ચ અભ્યાસ હેતુ તા. ૨૫-૧૦-૨૪ ના રોજ યુએસએ ગયા છે. યુએસએમાં યુએસએમ એલઈ સ્ટેપ-૩ પરીક્ષા અને રેસીડેન્સી પ્રોગ્રામમાં સીલેક્શન થાય તે હેતુ અમારા કુળદેવી શ્રી બુટભવાની રાંદલ માતાજી અને સુરાપુરા દાદાની અસીમ કૃપા તથા સર્વે વડીલોના આશીર્વાદ સાથે ચિ. તિર્થને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

## વિદેશ ગમન

સહતંત્રી શ્રી સુશીલકુમાર વ્યાસ તથા વર્ષાબેનના સુપુત્ર ચિ. વૃતાંત તા. ૧૮-૧૨-૨૪ ના રોજ ઉચ્ચ અભ્યાસાર્થે કેલિફોર્નિયા (યુ.એસ.એ.) ગયેલા છે. ખૂબ ખૂબ અભિનંદન.

## આપણી જ્ઞાતિ તથા રીબવાળા વ્યાસ પરિવારનું ગૌરવ

મૂળ મોટીવાવડી, હાલ ભરૂચ નિવાસી, હરેશકુમાર ભાનુપ્રસાદ વ્યાસની સુપુત્રી ચિ. ડૉ. કથા, પિડીયાટ્રીક્સ, અમારા કુળદેવી શ્રી બુટભવાની રાંદલ માતાજી અને સુરાપુરા દાદાની અસીમ કૃપાથી તથા સર્વે વડીલોના આશીર્વાદથી ઓગસ્ટ ૨૦૨૨થી એમ.ડી. પિડીયાટ્રીક્સ તરીકે ભરૂચ સિવીલ હોસ્પિટમાં સીની.રેસી.ડૉક્ટર તરીકે જોડાયા હતા. તેઓએ સેકન્ડરી ડીએનબી ઈન પીડીયાટ્રીક્સ (થીયરી અને પ્રેક્ટીકલ)માં ખૂબ જ સારા માર્કસ સાથે પાસ કરીને ડબલ પોસ્ટ ગ્રેજ્યુએટની પિડીયાટ્રીક્સ ડિગ્રી મેળવનાર આપણી જ્ઞાતિના પ્રથમ ડૉક્ટર તરીકેની સિદ્ધિ હાંસલ કરેલી છે. જે જ્ઞાતિ માટે ખૂબ જ ગૌરવપ્રદ ક્ષણ છે. હાલમાં તેઓ મોરબી ખાતે ક્રિષ્ના મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં સીની. કન્સલ્ટન્ટ પીડીયાટ્રીક્સ તરીકે જોડાઈને સેવા આપે છે.

## શ્રીફળ વિધી

★ અમારા કુળદેવી શ્રી બુટભવાની રાંદલ માતાજી અને સુરાપુરા દાદાની અસીમ કૃપાથી તથા સર્વે વડીલોના આશીર્વાદથી મૂળ મોટીવાવડી, હાલ ભરૂચ નિવાસી હરેશકુમાર ભાનુપ્રસાદ વ્યાસની સુપુત્રી ચિ. ડૉ. કથા (કન્સલ્ટન્ટ, પીડીયાટ્રીક્સ)ની સગાઈ મોરબી નિવાસી ડૉ. સૌનીલ નિલભાઈ શાહ (કન્સલ્ટન્ટ એનેસ્થેટીક્સ) સાથે રવિવાર, તા. ૧૩-૧૦-૨૪ના રોજ થયેલ છે. અભિનંદન.

મહેન્દ્રભાઈ પટેલ (M) 9428602603 / 9376138611
ન્યુ સાવલીયા ડેકોરેટર્સ એન્ડ હાયરર્સ
મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણાના ડેકોરેશન કોન્ટ્રાક્ટર
શુભ પ્રસંગે રસોઈના વાસણ, ટેબલ, ખુરશી, મંડપ તથા ગાદી ભાડે આપનાર
૩, વિજયંત શોપ્સ એપાર્ટમેન્ટ, ઈડન ગાર્ડન સામે, બંસીધર સોસાયટીની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

## યુ.કે. વાલમ બ્રાહ્મણ એસોસિએશન



યુકે વાલમ બ્રાહ્મણ એસોસિએશનની સ્થાપનાના ૫૫ વર્ષની ઉજવણીનો રંગારંગ કાર્યક્રમ તા. ૩૦-૧૧-૨૪ના રોજ બ્લ્યુરુમ, હેરો (યુકે) મુકામે યોજાઈ ગયો. જેમાં ૧૫૦ જેટલા જ્ઞાતિજનોએ ઉમંગ ઉત્સાહથી ભાગ લીધો હતો. ૧૯૬૯માં સ્થપાયેલ યુકે વાલમ બ્રાહ્મણ એસોસિએશનના બે સ્થાપક સભ્યો શ્રી લલિતભાઈ પંડ્યા અને શ્રી અરવિંદભાઈ ગોર સાથે યુવા બ્રિગેડના કવિશ વ્યાસ, શિવાની પુરોહિત અને પાયલ ગોરને સમારંભમાં કેક કાપવા માટે આમંત્રણ આપી વિશેષ સન્માન આપવામાં આવેલ.

કાર્યક્રમમાં બાળકોની ક્રિસમસ પાર્ટી આકર્ષણનું કેન્દ્ર બની હતી. જેમાં રૂપલ પંડ્યાએ ક્રિસમસ ફાધર બની બાળકોને મનોરંજ પુરૂં પાડેલ.


ભાઈશ્રી દુર્ગેશના મધુર સ્વર અને સાગર વ્યાસના ડીજે સંગીતની જુગલબંધીએ બધાને ડોલાવ્યા અને નચાવ્યા. સાત્વિક અને સ્વાદિષ્ટ શાકાહારી ભોજન સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

પ્રમુખ શ્રી વિભૂતિ ગોર અને કમિટીના સભ્યોએ કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.



## એક દિવસના મેયર - અભિનંદન

હર્ષિદાબેન ભરતકુમાર ઉપાધ્યાયના નાના પુત્ર હર્ષલ ભરતકુમાર ઉપાધ્યાયની પુત્રી ચિ. યશ્વી હર્ષલભાઈ ઉપાધ્યાય કેનેડામાં વિનર બન્યા હોવાથી તેમને એક દિવસ માટે મેયર બનવાનો મોકો મળ્યો હતો. અને મેયરશ્રી પોતે ઘરે આવીને પોતાની ગાડીમાં મેયરશ્રીની ખુરશીમાં બેસાડવા માટે લઈ ગયા હતા. અને ત્યાં તેમને પ્રશ્નોત્તરી પૂછીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ તેમને સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યું હતું. તે બદલ કુ.યશ્વીને અનંત અનંત શુભેચ્છાઓ અને અભિનંદન.


Student Visa/PR
DHAVAL JOSHI
(Visa Expert)
+91 9725676019
Reach us to Reach Abroad


## મહામંડળ કાર્યાલયે આવેલ ભેટની યાદી

૫૦૦ દિલીપભાઈ જગન્નાથ દીક્ષિત, વા.વ. સહાય, પૌત્રી ચિ. શિવન્યા અને ચિ. હરસિદ્ધિની મેટર વા.વ.માં છપાવવા, ૧૭૮૩૮

૧૦૧ વ્રજ નિલેશ ઉપાધ્યાય, કુળદેવી ભેટ, ૧૭૮૩૯

૧૦૦૦ કિર્તીકુમાર હર્ષદભાઈ પુરોહિત, વા.વ. સહાય, સુપુત્રી લગ્નની મેટર વા.વ.માં છપાવવા, ૧૭૮૪૦

૧૦૦૦ પ્રવિણચંદ્ર સી. જોષી, તિથીદાન, સ્વ. કપિધ્વજ પ્રવિણચંદ્ર જોષી, કારતક સુદ ૨ (ભાઈબીજ), ૧૭૮૪૧

૩૦૦૦ કાઠીયાવાડી ઢાબા, મધુવન ફાર્મ, વાલમ વર્તમાનમાં પટ્ટી જાહેરાત માટે, નિરજ જ. વ્યાસ, હસ્તે કિર્તન રા. દીક્ષિત, ૧૭૮૪૨

૩૦૦૦ મહેન્દ્રભાઈ સાવલીયા, વા.વ.સહાય, સાવલીયા ડેકો.ની પટ્ટી જાહેરાત માટે, ૧૭૮૪૩

૫૦૦ જયરાજ કૃષ્ણકાંત પંડ્યા, કેળવણી ફંડ, ૧૭૮૪૪

૧૦૦૦૦ જયેન્દ્ર રામચંદ્ર આચાર્ય, વા.વ.સહાય, વા.વ. અંક સ્પોન્સર, સ્વ. ભુપેન્દ્રભાઈ આચાર્ય અને સ્વ. ઈલાબેન ભુપેન્દ્રભાઈ આચાર્યના સ્મરણાર્થે, ૧૭૮૪૫

૫૧૦૦૦ યોગેશભાઈ પ્રમોદરાય પાઠક, કુળદેવી ફંડ, કુળદેવી માતાના પાટોત્સવ હવન માટે, ૧૭૮૪૬

૧૦૦૦૦ દીપકકુમાર ભાનુપ્રસાદ દીક્ષિત, અન્ય ફંડ, કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરના હોલમાં બે ફોટા મૂકવા, સ્વ. ભાનુપ્રસાદ ધી. દીક્ષિત, સ્વ. મધુબેન ભાનુપ્રસાદ દીક્ષિત, ૧૭૮૪૭

૧૦૦૦ વિસીતભાઈ દીલિપભાઈ પાઠક, તિથીદાન, સ્વ. દિલીપભાઈ મધુસુદન પાઠક, મહા સુદ ૪, ૧૭૮૪૮

## વાઘેશ્વરી માતાજીના મંદિર, વલ્લભીપુર આવેલ ભેટ તથા વસ્તુ ની યાદી

૧૦૦ દર્શ નિશાંત આચાર્ય, ૧૩૯૦

૩૦૦ રશ્મીકાંત કે. આચાર્ય, ૧૩૯૧

૨૦૦ વિજય ગીરીશચંદ્ર આચાર્ય, ૧૩૯૨

૧૦૦ હર્ષદરાય પ્રતાપરાય દીક્ષિત, ૧૩૯૩

૧૦૦ સૂર્યકાંત કે. ભટ્ટ, ૧૩૯૪

૧૦૦ સ્વ. શારદાબેન બી. દીક્ષિત, હસ્તે સતીષભાઈ, ૧૩૯૫

૧૦૦ પ્રમોદરાય એન. આચાર્ય, ૧૩૯૬

૧૦૦ જયેન્દ્રભાઈ આર. આચાર્ય, ૧૩૯૭

૨૦૦ વિભુતિબેન વિરેન્દ્રભાઈ આચાર્ય, ૧૩૯૮

૧૦૦૦ ભરત આર. ભટ્ટ, તા. ૭-૧૧-૨૪ના લગ્ન દિવસ નિમિત્તે ભેટ, ૧૩૯૯

૨૦૦ નીલા ભરત આચાર્ય, ૧૪૦૦

૪૧૨૦ જીતુભાઈ ચાવડા, ૧૪૦૧

૪૧૬૦ ગોરધનભાઈ કાકડીયા, ૧૪૦૨

૪૩૬૫ અરવિંદભાઈ ગોસ્વામી, ૧૪૦૩

૩૪૪૫ પ્રદિપભાઈ ભટ્ટ, ૧૪૦૪

૨૫૦ દીક્ષિતા ચિન્મય વ્યાસ, ૧૪૦૫

૨૬૫૦ પંજાબ નેશનલ બેંક મિટીંગ, ૧૪૦૬

૩૯૨૦ બુધાભાઈ રાઠોડ, ૧૪૦૭

૩૭૯૦ ચંદુભાઈ વેગડ, ૧૪૦૮

૧૦૦ હર્ષદભાઈ પ્રતાપરાય દીક્ષિત, ૧૪૦૯

૨૦૦ ભરત રમણીકલાલ ભટ્ટ, ૧૪૧૦

૧૦૦ દર્શ નિશાંત આચાર્ય, ૧૪૧૧

૧૦૦ વેદિકા અમિત આચાર્ય, ૧૪૧૨

૨૦૦ મહેશભાઈ જે. ભટ્ટ, ૧૪૧૩

૧૦૦ તનિષા મિહીરભાઈ દીક્ષિત, ૧૪૧૪
૨૦૦ યોગેશભાઈ પી. પાઠક, ૧૪૧૫
૧૦૦ સૂર્યકાંત કે. ભટ્ટ, ૧૪૧૬
૩૦૦ વિભુતિ વિરેન્દ્ર આચાર્ય, ૧૪૧૭
૧૦૦ પ્રમોદરાય એન. આચાર્ય, ૧૪૧૮
૧૦૦ સતિષ બી. દીક્ષિત, ૧૪૧૯
૨૦૦ ઋષિ ભરત આચાર્ય, ૧૪૨૦
૧૦૦ જયેન્દ્રભાઈ આર. આચાર્ય, ૧૪૨૧
૨૦૦ વિજયભાઈ ગીરીશચંદ્ર આચાર્ય, ૧૪૨૨
૨૦૦ રશ્મીકાંત કે. આચાર્ય, ૧૪૨૩

## ભેટની યાદી


સ્ટીલના વાટકા ૧૧ નંગ, સ્વ. શારદાબેન દુર્ગાશંકર ભટ્ટ, ગોધરા, ૪૮૮૬
સાડી નં.૧ દીક્ષિતા ચિન્મય વ્યાસ, ભાવનગર, ૪૮૮૭

## ॥ કુર્યાત સદા મંગલમ્ ॥



મોગર (આણંદ) ના શ્રી કિર્તીકુમાર હર્ષદભાઈ પુરોહિત અ.સૌ. સોનલની સુપુત્રી ચિ. ઉપાસના ના શુભલગ્ન ચિ. હરસિધ (સુપુત્ર શ્રી મેહુલભાઈ પરમાર અને અ.સૌ. હેતલબેન) સાથે તા. ૭-૧૨-૨૦૨૪ના રોજ આણંદ મુકામે યોજાઈ ગયા. લગ્નપ્રસંગમાં વિશાળ સંખ્યામાં સ્નેહીજનો અને સગા સ્વજનો જોડાયા હતા. અને નવદંપતિને આશિર્વચન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

## જય રસિકભાઈ જોષી



આપણી જ્ઞાતિના સક્રિય કાર્યકર્તા શ્રી રસિકભાઈ સોમનાથ જોષીના સુપુત્ર જાણીતા સંગીતકાર ચિ. જય, જેઓએ આપણી જ્ઞાતિનું એન્થમ સોંગ ઉપરાંત વીબીપીએલનું ગીત પણ બનાવેલ છે. તેઓએ સાવધાન ઈન્ડિયા, ક્રાઈમ પેટ્રોલ, ફિઅર ફાઈલ્સ, યે રિશ્તા ક્યા કેહલાતા હૈ જેવી સિરીયલોમાં પણ સંગીત આપેલ છે. તેઓએ તા. ૨૬-૧૨-૨૪ના રોજ પોતાનું મ્યુઝિક પ્રોડક્શન સ્ટુડીયો શરુ કરેલ છે.

**Manzilll Production**
603, Park View Nexus, Opp. Kargil Petrol Pump, SG Highway, Ahmedabad.

જ્ઞાતિજનોને જણાવવાનું કે આપના અનુદાન મહામંડળના નીચેના એકાઉન્ટમાં સીધા જમા કરાવી શકો છો.

**A/c. Name : Shri Valam Brahman Mahamandal**
**Bank : Central Bank of India** **Branch : Vasna Br., Ahmedabad.**
**A/c. No. : 1059037810** **IFSC Code : CBIN0281463**

રકમ જમા કરાવ્યાની જાણ ખજાનચીશ્રી ભરત ભટ્ટને
મો. નંબર - **9510893585** ઉપર અનિવાર્ય રૂપે કરાવવા વિનંતી.

## તિથિદાન

**પોષ સુદ ૧૧ થી મહા સુદ ૧૩ (તા. ૧૦-૦૧-૨૦૨૫ થી ૧૦-૦૨-૨૦૨૫) સુધી**

સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન

પોષ સુદ ૧૧
સવિતાબેન હિંમતલાલ પુરોહિત
હિંમતલાલ લલ્લુરામ પુરોહિત
નલિનભાઈ મુકુંદરાય ઉપાધ્યાય
મનસુખરામ કરશનજી મહેતા
સ્વ. મૃદુલાબેન નંદકિશોર અધ્વર્યુ
પોષ સુદ ૧૨
નટવરલાલ શામળદાસ દિક્ષીત
વિમળાબેન હરીશંકર જોષી
પોષ સુદ ૧૩
પ્રિતીબેન મયંકભાઈ પાઠક
અરૂણભાઈ કાંતિલાલ પંડ્યા
જયશ્રીબેન મયુરકુમાર ભટ્ટ
પોષ સુદ ૧૪
શાંતાબેન બાબુલાલ ઉપાધ્યાય
રાકેશભાઈ સુરેશભાઈ ભટ્ટ
પોષ સુદ ૧૫ (પૂનમ)
જયંતિલાલ હરગોવિંદદાસ જોષી
પોષ વદ ૧
હીમાબેન મૂળચંદભાઈ જોષી
શર્મિષ્ઠાબેન જનાર્દનભાઈ ભટ્ટ
હિમાદ્રી મુળચંદ જોષી
પોષ વદ ૨
ઈન્દુબેન બાલકૃષ્ણ ઉપાધ્યાય
અનંતરાય પ્રભાશંકર જોષી
જીતેન્દ્ર ઈશ્વરલાલ મહેતા
બળવંતરાય રવજીભાઈ પાણેરી
પોષ વદ ૩
જયંતિલાલ હરજીવનદાસ અધ્વર્યુ
મંગળપ્રસાદ ધનેશ્વરભાઈ અધ્વર્યુ
પ્રાણશંકર બી. જોષી
જીવરામભાઈ ત્રિભુવનદાસ દીક્ષિત
પોષ વદ ૪
પ્રવિણચંદ્ર પરસોત્તમદાસ અધ્વર્યુ
દેવશંકર હરગોવિંદદાસ પંડ્યા
પોષ વદ ૫
કનૈયાલાલ વસંતરાય જોષી
કાંતિલાલ સોમેશ્વર ઉપાધ્યાય
ભાનુશંકર હરીશંકર ઠાકર
કૃષ્ણાબેન ભાનુશંકર ઠાકર
અંબાપ્રસાદ મોહનલાલ દિક્ષીત
નિર્મળાબેન વિષ્ણુપ્રસાદ અધ્વર્યુ
પોષ વદ ૬
મંજુલાબેન ઘનશ્યામભાઈ વ્યાસ
પ્રફુલ્લચંદ્ર હરગોવિંદદાસ અધ્વર્યુ
પોષ વદ ૭
નર્મદાશંકર નારણદેવ આચાર્ય
જીવીબા હરજીવનદાસ અધ્વર્યુ
અંબાલાલ કામેશ્વર મહેતા
કપિલાબેન હર્ષદરાય આચાર્ય
પોષ વદ ૮
ચંદ્રકાંત ભાઈશંકર પંડ્યા
ઉમિયાશંકર લક્ષ્મીશંકર શુકલ
પોષ વદ ૯
ગીરધારીલાલ ગણપતરામ શુકલ (જ્ઞાતિના ગોર)
પુષ્પાબેન કનુભાઈ પંડ્યા
નિરૂપમાબેન સુરેશચંદ્ર ભટ્ટ
ધીરજલાલ ગીરજાશંકર દિક્ષીત
યશવંતરાય સોમનાથ મહેતા
પોષ વદ ૧૦
ધ્રુવભાઈ ભદ્રેશભાઈ અધ્વર્યુ
કપિલાબેન જયંતિલાલ શુકલ
પોષ વદ ૧૧
અનસુયાબેન રામચંદ્ર આચાર્ય
રમેશચંદ્ર વેણીશંકર આચાર્ય
ત્રિવેણીબેન શંકરલાલ આચાર્ય
હરગોવિંદદાસ ગોપાલભાઈ જોષી
દયાશંકર શામજીભાઈ પંડ્યા
પોષ વદ ૧૨
ઈશ્વરલાલ શીવરામ પુરોહિત
જશુભાઈ છગનભાઈ પુરોહિત
કૈલાશબેન બળવંતરાય ભટ્ટ
ગીરીશચંદ્ર ઉમિયાશંકર આચાર્ય
પોષ વદ ૧૩
ઉદયશંકર હરીશંકર જોષી
હિરેન્દ્ર હરીકૃષ્ણ દિક્ષીત
કાંતાગૌરી શાંતિલાલ જોષી
હસમુખીબેન ધીરજલાલ દિક્ષીત
વિદ્યાબેન વિષ્ણુપ્રસાદ પાઠક
પોષ વદ ૧૪/અમાસ
પદમાબેન જગદીશચંદ્ર ઉપાધ્યાય
જનાર્દનભાઈ દુર્ગાશંકર ભટ્ટ
તારાબેન મગનભાઈ ઉપાધ્યાય
તારાબેન જયંતિલાલ અધ્વર્યુ
લાભશંકર અમૂલખરાય ભટ્ટ
મહા સુદ ૧
મધુસુદન ચુનીલાલ પંડ્યા

વસંતભાઈ રામચંદ્ર દિક્ષીત

મહા સુદ ૨

કમળાબેન ફુલશંકર વ્યાસ
શંકરપ્રસાદ અંબાશંકર આચાર્ય
કાશીબેન ઈશ્વરભાઈ પુરોહિત
શાંતાગૌરી શાંતિલાલ જોષી

મહા સુદ ૩

મિત્તલકુમાર જનકભાઈ વ્યાસ
ચંદ્રવદન રેવાશંકર દિક્ષીત
રમેશચંદ્ર શાંતિલાલ જોષી
તિલોત્તમાબેન ધનવંતરાય આચાર્ય

મહા સુદ ૪

સોમેશ્વર જે. પંડ્યા
ત્રિવેણીબેન ગીરજાશંકર ભટ્ટ
કૃષ્ણકાંત કમળાશંકર પુરોહિત
શીલાબેન રશ્મિકાંત આચાર્ય
જ્યોતિબેન વૃજલાલ વ્યાસ
મહાલક્ષ્મીબેન મણીશંકર ઉપાધ્યાય
શાંતાબેન નટવરલાલ અધ્વર્યુ

મહા સુદ ૫

મુક્તાબેન મુળશંકર આચાર્ય
ગીરજાશંકર મગનલાલ જોષી
સુરેશચંદ્ર રામશંકર ભટ્ટ
તારાબેન ચિમનલાલ મહેતા

મહા સુદ ૬

કૃષ્ણકાંત નર્મદાશંકર દિક્ષીત
ઈન્દીરાબેન કેશવલાલ વ્યાસ

મહા સુદ ૭

રમણભાઈ સોમેશ્વર પંડ્યા
યશોમતીબોન (બાચુબોન) નટવરલાલ ભટ્ટ
વિદ્યાબેન કાંતિલાલ મહેતા
મધુસુદન રવિશંકર પંડિત

મહા સુદ ૮

ચિમનલાલ અંબાશંકર ઉપાધ્યાય
પ્રતાપરાય કરશનદાસ દિક્ષીત
ગૌતમભાઈ નરેન્દ્રભાઈ પાઠક
મણીદેવી રામચંદ્ર પંડ્યા
ઉષાબેન ભાનુશંકર પુરોહિત

મહા સુદ ૯

હરીશંકર ઉમિયાશંકર પંડ્યા
કંચનબેન ત્રંબકલાલ ઉપાધ્યાય
મગનલાલ કામેશ્વર મહેતા
ભોગીલાલ મુળશંકર ઉપાધ્યાય
વિક્રમભાઈ ચંદુલાલ મહેતા
વિમળાબેન નર્મદાશંકર ભટ્ટ

મહાસુદ ૧૦

શાંતાબેન ગિરીશચંદ્ર આચાર્ય

મહા સુદ ૧૧

શાન્તાબેન મનહરલાલ પંડ્યા

મહા સુદ ૧૨

પ્રવિણચંદ્ર વિશ્વનાથ આચાર્ય
ગૌરીશંકર બાલાશંકર પંડ્યા

મહા સુદ ૧૩

કાંતિલાલ રામકૃષ્ણ ઉપાધ્યાય

## જન્મદિવસ શુભેચ્છા

૨૨/૦૧ - ધ્યેય જીજ્ઞેશ દીક્ષિત (અમેરિકા)
૨૫/૦૧ - વિનયભાઈ દશરથલાલ દીક્ષિત
૩૦/૦૧ - સવિતાબેન ભાઈલાલભાઈ ગોર

## જન્મજયંતિ

મહાસુદ ૧૦ - કોકીલાબેન લાલશંકર આચાર્ય

**: ખાસ નોંધ :** તિથિમાં સુધારા વધારા તથા તિથિદાનને લગતી બાબતો માટે શ્રી વિરેન્દ્ર આચાર્યનો વોટ્સએપ નં. 9979890059 પર સંપર્ક કરવા વિનંતી.

## વાલમ વર્તમાન સ્પોન્સરશીપ યોજના

**વાલમ વર્તમાનના એક અંકના પ્રાયોજક - સ્પોન્સરશીપ માટે**
**વાલમ વર્તમાન સહાય પેટે રૂા. ૧૦૦૦૦/- અનુદાન આપી**
**વાલમ વર્તમાનના સ્પોન્સરર બની શકાય છે.**
**સ્પોન્સરરને તેમની મેટર માટે એક પાનું ફ્રીમાં આપવામાં આવે છે.**
**સર્વે જ્ઞાતિજનોને આ યોજના અંતર્ગત**
**વાલમ વર્તમાન સ્પોન્સરશીપ માટે આગળ આવવા નમ્ર વિનંતી છે.**

## શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ વર્ષ ૨૦૨૪-૨૬ની બીજી કારોબારી બેઠક



વાલમ બ્રાહ્મણ મહામંડળની વર્ષ ૨૦૨૪-૨૬ની બીજી કારોબારી બેઠક ચારજથ્થા વિભાગના આમંત્રણથી તા. ૧૫-૧૨-૨૦૨૪ના રોજ વાઘેશ્વરી ધામ, ઓગણજ મુકામે શાંતિપૂર્ણ વાતાવરણમાં મળી. સુંદર આયોજન માટે ચારજથ્થા પ્રગતિ મંડળ તથા ચારજથ્થા વિભાગના સર્વે ઉત્સાહી કારોબારી સભ્યોનો મહામંડળ હાર્દિક આભાર માને છે. આ મિટીંગનો વિગતવાર અહેવાલ તથા ઠરાવો આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.



## વાલમ બ્રાહ્મણ પ્રિમીયર લીગ

વાલમ બ્રાહ્મણ યુવાનોની એકતા તથા સંગઠનના પ્રતિક સમાન વીબીપીએલની નવમી સિઝનનો વિધીવત પ્રારંભ થયેલ છે.

તા. ૨૮-૧૨-૨૦૨૪ થી તા. ૧૨-૦૧-૨૦૨૫

સ્થળ : ન્યુ સમર્પણ ક્રિકેટ ગ્રાઉન્ડ, રાયપુર, નરોડા-દહેગામ રોડ.

વેબસાઈટ લીંક : vbpl.Live

વીબીપીએલ વિશે વધુ જાણકારી માહિતી નીચે આપેલા નંબર પર મેસેજ અથવા કોલ કરી મેળવી શકો છે.

મો. ૯૮૭૯૦૨૨૧૦૫, ૯૭૨૫૫૯૨૭૯૭, ૮૧૫૫૮૭૮૦૭૦

## શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ (ધંધુકા ક્ષેત્ર)



શ્રી અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ (ધંધુકા ક્ષેત્ર) દ્વારા વર્ષ ૨૦૨૪માં દિવંગત થયેલ નામી-અનામી સદ્‌ગત સ્વજનોના આત્મ શ્રેયાર્થે વર્ષના અંતિમ રવિવાર તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ શ્રદ્ધાંજલિ રૂપે ૧૧ કુંડી ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિજનોના સહયોગથી સુંદર રીતે કાર્ય સંપન્ન થયેલ તથા બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ આહુતિ આપવાનો તથા ભોજન પ્રસાદનો લાભ લીધેલ.





**નવચેતન ઈન્ટરનેશનલ ઈવેન્ટ એરેન્જર**

લગ્નગીત, ગરબા, મહેંદી ગીત, મહેંદી ડિઝાઈન, સંગીત સંધ્યા, ફંડ રેઈઝ કાર્યક્રમ, માઠા પ્રસંગે ભજન સંધ્યા, કેરીઓકે ઉપર તેમજ લાઈવ એન્કર – ફીમેલ સીંગર / મેલ સીંગર તેમજ

એક યાદ રફી કે બાદ - બંકીમ પાઠક : સંપર્ક : ૯૮૨૪૦ ૯૮૮૪૮, ૯૮૨૪૦ ૯૮૮૫૮

જીવનના દરેક પ્રસંગને યાદગાર બનાવવા અમદાવાદ તથા ગુજરાતના કોઈપણ શહેર-ગામમાં કાર્યક્રમ માટે સંપર્ક કરો

ડૉ. ધૈર્ય બી. ભટ્ટ (M) 7383245526

**માતૃ ક્લિનીક**
૨૪, સહજ રેસીડેન્સી,
નિકોલ લેક ગાર્ડન પાસે,
નિકોલ,અમદાવાદ

**આરોગ્યમ્ હોસ્પિટલ**
મેડીકલ । સર્જીકલ । ઓર્થોપેડીક
બી-૬, શિવદર્શન સોસાયટી, મનમોહન
ચાર રસ્તા પાસે, ઓઢવ-નિકોલ રોડ, ઓઢવ

**રુદ્રાય હોસ્પિટલ**
મેડીકલ । આઈસીયુ । સર્જીકલ । ડેન્ટલ
છઠ્ઠો માળ, હીલ ટાઉન લેન્ડમાર્ક,
દાસ ખમણની સામે, સાનિધ્યપાર્ક પાસે
નિકોલ-નરોડા રોડ, નિકોલ




## રંગપૂરણી તથા પત્રલેખન સ્પર્ધા અંગે
## નિર્ણાયકશ્રી ભારતીબેન જોષી (નિવૃત્ત શિક્ષિકા, સરખેજ) નો પ્રતિભાવ

જ્ઞાતિના બાળકો અને તેમના માતા-પિતા જ્ઞાતિમાં થતા કાર્યક્રમોમાં સક્રિય છે જ. પણ હજુ વધારે પોતાના સંતાનોને પ્રોત્સાહિત કરી દરેક કાર્યક્રમમાં અચૂક ભાગ લેવડાવીને તેઓની તેજસ્વિતા અને સર્જન શક્તિઓને બહાર લાવવામાં મદદરૂપ બને. માતા-પિતા બાળકના માર્ગદર્શક જરૂર બને. પરંતુ જ્યારે સ્પર્ધાત્મક કક્ષાએ માતા-પિતા તેમના સ્વઅક્ષરે લખી આપે તે યોગ્ય નથી. જેવું લખે તેવું પણ બાળક જાતે લખે. બધા જ બાળકોએ તેમની ઉંમર અને કક્ષા પ્રમાણે બંને કૃતિઓને ખૂબ જ મહેનત કરીને ન્યાય આપ્યો છે. ભાગ લીધેલા બધા જ બાળકોને ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ.

ધોરણ ૧ થી ૪ અને ધોરણ ૫ થી ૭ના અલગ જુથ કરી કક્ષા પ્રમાણે વિષય ફાળવો તો (સ્પર્ધા ગોઠવો તો) નિર્ણાયકને નિર્ણય કરવામાં સરળતા રહે.

### રંગોળી રંગપૂર્ણી સ્પર્ધા વિજેતા

પ્રથમ ક્રમાંક : ત્રિશા અભિષેક પાણેરી, રાજકોટ
દ્વિતીય ક્રમાંક : જીવિકા કૌશલકુમાર વ્યાસ, મુંબઈ
તૃતિય ક્રમાંક : ક્રિષ્નવી રિદ્ધીબેન રાવલ, ધોરાજી

### દિવાળી વેકેશન અંગે પત્ર લેખન વિજેતા

પ્રથમ ક્રમાંક : અર્ણવ કુંતેશકુમાર ભટ્ટ, અમદાવાદ
દ્વિતીય ક્રમાંક : પ્રહર્ષ રવિકુમાર પાઠક, સોજીત્રા
તૃતીય ક્રમાંક : (૧) પ્રશાંત હેમલ ઉપાધ્યાય, રાજકોટ
(૨) દિયા હેમલ ભટ્ટ, અમદાવાદ

### તાજેતરમાં અવસાન પામેલ નીચેના સ્વજનોના આત્માની શાંતિ માટે પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ

★ યુકે (કરમસદ) : અવંતિકાબેન કમળાશંકર પુરોહિત
★ આણંદ : ઉષાબેન મધુસુદન પંડ્યા
★ અમદાવાદ : દિવ્યાબેન રાજેશકુમાર જોષી
★ અમદાવાદ : નિરંજનાબેન ઈન્દ્રવદન ઉપાધ્યાય
★ ડેસર : ગોપાલભાઈ સુમંતલાલ ત્રિવેદી
★ અમદાવાદ : પંકજભાઈ કિશોરચંદ્ર ઠાકર
★ કડી : લતાબેન ભાનુપ્રસાદ ઉપાધ્યાય
★ ધંધુકા : જયાબેન બિપીનચંદ્ર આચાર્ય
★ ખેરડી(જૂનાગઢ): હંસાબેન કૃષ્ણલાલ ભટ્ટ

મધુવન ફાર્મ પાર્ટી પ્લોટ
શુભ લગ્ન પ્રસંગે, રીસેપ્શન, બર્થ ડે પાર્ટી, સગાઈ વિધી, કોર્પોરેટ પાર્ટી, ઈવેન્ટ માટે
વિશાળ પાર્કિંગની સુવિધા સાથે પાર્ટીપ્લોટ ભાડે મળશે.
ચારધામ મંદિર સામે, પૂનમપૂરા પાટિયા, નેનપુર ચાર રસ્તા પાસે, ગામ સણસોલી, મહેમદાવાદ રોડ, મહેમદાવાદ, જી.ખેડા
બુકીંગ માટે (M) 9898946136/9879187484

કાઠીયાવાડનો સ્વાદ હવે આપના દરવાજે...
કાઠીયાવાડી । પંજાબી । ચાઈનીઝ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ઓર્ડર માટે : (M) 9558811479

કાઠીયાવાડી ઢાબા
૧૦,૧૧,૧૨, અક્ષરધામ રેસીડેન્સી, ડી-માર્ટ પાસે, નિકોલ-હરીદર્શન રોડ, નવા નરોડા, અમદાવાદ-૩૮૦૦૪૯.

શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ

SAI FINANCIAL SERVICES
SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.
SHREE SAIRAM INVESTMART PVT. LTD.
401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : (O) 079-40025207 (M) 98250 24877




## નિબંધ સ્પર્ધા ત્રીજા વિભાગના તૃતિય વિજેતા-ફાલ્ગુની નયન દીક્ષિત
## વિષય : પ્રકૃતિના રમ્ય અને રૌદ્ર સ્વરૂપો

પ્રકૃતિમાં અપાર વૈવિધ્ય રહેલું છે. કુદરતે આપણા ઉપર ઘણી જ કૃપા કરી છે. કુદરતે તેનું રમ્ય સ્વરૂપ આપી ઘણી મોટી કૃપા દ્રષ્ટિ આપણા ઉપર રાખી છે. તેની બીજી બાજુ તેના રૌદ્ર સ્વરૂપનો પણ આપણને અનુભવ કરાવે છે. કુદરતે વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર ઋતુ આપી પ્રકૃતિના જુદા જુદા શણગારની માનવીને ભેટ આપી છે. તેમ છતાં તેમાં પણ ઘણીવાર કુદરત તેના રૌદ્ર સ્વરૂપને બતાવી જાય છે. કુદરત જ્યારે માનવ પર રીઝે ત્યારે માલામાલ કરી દે અને જ્યારે ખીજે ત્યારે પાયમાલ કરી નાંખે છે.

પ્રકૃતિએ વિવિધ ઋતુઓ આપી છે. શરદ ઋતુમાં કુદરત પ્રફુલ્લ વદને સ્મિત વેરે છે. ખેતરોમાં ફેલાતો સોનેરી રંગનો તડકો અને હવાથી લહેરાતી ખેતી રમણીય દેખાય છે. શરદ પૂનમની શીતલ ચાંદની આપણને પ્રકૃતિના રમ્ય સ્વરૂપના દર્શન કરાવે છે. વસંત ઋતુમાં ખીલી ઉઠેલા પુષ્પો અને ડાળીએ ડાળીએ ફૂટતી કૂંપળો દ્વારા કુદરતનું મનોહર સ્વરૂપ પ્રકટ થાય છે. ઋતુઓ મુજબના તહેવારોમાં પણ પ્રકૃતિના રમ્ય સ્વરૂપના દર્શન થાય છે.

વર્ષાઋતુમાં જાણે પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠે છે. નદી, સરોવર, ઝરણાં જાણે કે ખળખળ વહીને નૃત્ય કરતાં પોતાની ખુશી વ્યક્ત કરે છે. ધરતી પર ચોતરફ લીલી હરિયાળી ચાદર પથરાઈ જાય છે. આકાશમાં મેઘધનુષી રંગો પથરાઈ જાય છે. પક્ષીઓના કલરવમાં તેના નૃત્ય દ્વારા આહલાદક વાતાવરણનું સર્જન થાય છે. રાતના અંધકારમાં ટમટમતા તારા, ઝબૂક ઝબૂક થતા આગિયા અને આકાશગંગાની આભા પણ કુદરતના રમ્ય સ્વરૂપને પ્રકટ કરે છે. માટીની ખુશ્બુ મનને તરોતાજા કરી દે છે. આવા રમણીય સ્વરૂપો આપણને સ્વર્ગીય આનંદ આપે છે.

પ્રકૃતિનું એક સ્વરૂપ રમ્ય છે, તો બીજું સ્વરૂપ રૌદ્ર છે. પ્રકૃતિ આપણને ક્યારેક તેના રૌદ્ર સ્વરૂપનો પણ અનુભવ કરાવે છે. વર્ષાઋતુમાં ક્યારેક અતિવૃષ્ટિ થાય છે. પૂરના પાણી ગામો અને ખેતરોમાં ફરી વળે છે. અંતે જાનમાલનું ખૂબ જ નુકસાન થાય છે. તો ક્યારેક ચોમાસું વરસ્યા વિના જ પસાર થઈ જાય છે. પાણીની તંગીના કારણે ખેતરો વિરાન ભાસે છે. પાણીની અછતના કારણે માનવીઓ અને પશુઓ તરફડે છે. ખેતરોમાં અનાજ પાકતું નથી. કાળનો ય કાળ એવો દુકાળ અનેક લોકો અને પશુ પંખીઓના ભોગ લે છે.

ક્યારેક જ્વાળામુખી, વાવાઝોડું ફૂંકીને આપણને તેની વિનાશલીલાનો પરચો બતાવે છે. મોટાં મોટાં વૃક્ષો જડમૂળથી ઉખડીને ધરાશાયી થઈ જાય છે. દરિયાના મોજાં એવા ઊંચા ઉછળે છે કે હોડીઓ, જહાજો પાણીમાં ગરકાવ થઈ જાય છે. ચારેબાજુ તારાજી થઈ જાય છે.

જ્વાળામુખી, ભૂકંપમાં મોટી-નાની ઈમારતો પણ ધરાશાયી થઈ જાય છે. ભારે માનવ ખુવારી થાય છે. જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ થઈ જાય છે. નદીઓનાં વહેણ પણ ઘણી વાર બદલાઈ જાય છે. આમ, કુદરતના રૌદ્ર સ્વરૂપો અનુભવ થાય છે.

સર્જન અને વિનાશએ એક સિક્કાની બે બાજુઓ છે. તે કુદરતનો સ્વાભાવિક ક્રમ છે. એમાંથી આપણને અનુકૂળ - પ્રતિકૂળ બંને પરિસ્થિતિમાં ટકી રહેવાની અને તેનો સામનો કરવાની પ્રેરણા મળે છે. હાલના ટેકનોલોજીના યુગમાં માનવીએ કુદરતના રૌદ્ર સ્વરૂપથી બચવા અને તેનાથી થતા વિનાશને અટકાવવા માટે કેટલાક અંશે સફળતા મેળવી છે. વાવાઝોડા તથા ભૂકંપના આગમનની જાણકારી અગાઉથી પ્રાપ્ત થાય તેવા સંશોધનો શોધ્યાં છે. પરંતુ ઘણી વાર માનવીને કુદરત સામે પડવાની ભૂલનું ખૂબ જ મોટું પરિણામ ભોગવવું પડે છે. માનવી કેટલુંય કરે પણ કુદરત આગળ તે હંમેશા વામણો જ છે.

કુદરત તેના રમ્ય અને રૌદ્ર એમ બંને સ્વરૂપના દર્શન કરાવી આપણને તેની અગાધ શક્તિનું અને આપણી અશક્તિનું ભાન કરાવે છે. કુદરત આગળ માનવીનું શાણપણ હંમેશા નિરર્થક પુરવાર થયું છે. તેથી જ કવિ કલાપીએ લખ્યું છે કે : જે પોષતું તે મારતું, એ ક્રમ દીસે છે કુદરતી !

R.N.I. NO. 14974/57 Post. Reg. No. GAMC-56/2024-26 Valid up to 31-12-2026
Permitted to post at Ahmedabad PSO on 5th of every month

## રામજી મંદિર તથા પુનિત સત્સંગ હોલનું લોકાર્પણ



સંત શ્રી પુનિત મહારાજની તપોભૂમિ મોટી કોરલ, તા. કરજણ, જિલ્લો વડોદરા ખાતે નર્મદા કિનારે તા. ૯-૧૧-૨૦૨૪ના રોજ સુંદર રામજી મંદિર તથા પુનિત સત્સંગ હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું. જુનું મંદિર તથા હોલ જે સ્થળે હતું તે જ સ્થળે મનમોહક રામ દરબાર, વેદ માતા ગાયત્રી, સંત શ્રી પુનિત મહારાજ તથા જનક મહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સંત શ્રી પુનિત મહારાજના પૌત્ર આનંદ જનક મહારાજના વરદ હસ્તે કરવામાં આવી. સહુ જ્ઞાતિજનો વાલમ કુળ ઉદ્ધારક પ્રાતઃસ્મરણીય સંત શ્રી પુનિત મહારાજની આ દિવ્ય અને ભવ્ય તપોભૂમિ કે જ્યાં મહારાજશ્રીએ ૨૪ લાખ ગાયત્રી મંત્રનું પુરશ્ચરણ, પુનિત રામાયણની રચના, ૭ અબજ રામનામ મંત્રોની પ્રતિષ્ઠા તેમજ પંચકુબેરેશ્વર મહાદેવ તથા રણછોડરાયનું પાવન સાનિધ્ય જ્યાં ત્રણ વર્ષ સુધી વાનપ્રસ્થાશ્રમમાં માણેલ, તે ભૂમિના દર્શન કરવા અચૂક જશો તેવી પ્રાર્થના સાથે જય સિયારામ.


## વાલમ વર્તમાનમાં મેટરના દર

| | |
|---|---|
| શ્રધ્ધાંજલિ (૧/૨ પાનું) | રૂા. ૭૫૦/- |
| શ્રધ્ધાંજલિ (૧ પાનું) | રૂા. ૧૫૦૦/- |
| અન્ય મેટર (૧/૮ પાનું) | રૂા. ૩૦૦/- |
| અન્ય મેટર ૧ પાનાના | રૂા. ૨૦૦૦/- |
| (વધુમાં વધુ બે પાનાની મર્યાદામાં) | |
| પટ્ટી જાહેરાત - ૧૨ અંકના | રૂા. ૩૦૦૦/- |


Printed and Published by **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA** on behalf of **VALAM BRAHMAN MAHA MANDAL**
and Printed at **First Icon Printers**, 413/8, Alka Shopping Centre, Shah-e-Alam Tolnaka, Ahmedabad-380028
and Published from C/8, Prathna Flat, Opp. Ankur School, Fatehnagar, Paldi, Ahmedabad-380007.
Editor: **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA**

ખાસ નોંધ : મુખપત્રમાં કોઈ પણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી વિગતો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - તંત્રી